# આલોચના પાઠ

વર્તમાન પાપોના પ્રાયશ્ચિતને આલોચના કહે છે. આલોચના પાઠ દ્વારા વર્તમાનમાં કરવામાં આવેલા પાપનું પ્રાયશ્ચિત, તેની નિંદા કરવામાં આવે છે.

**(દોહા)**

**વંદુ પાંચ પરમગુરુ,ચોવીસ શ્રી જિનરાજ;**
**કરું શુદ્ધ આલોચના, શુધ્ધિકરણને કાજ. ...(૧)**

મારા સાક્ષાત્ ગુરુથી માંડીને બધાય અપર ગુરુઓને- પંચ પરમેષ્ઠિને-વંદન કરું છું, ચોવીસે તીર્થંકરોને વંદન કરું છું અને મારા આત્માના શુધ્ધિકરણ માટે હું આ શુધ્ધ આલોચના કરું છું.

**(છંદ સાખી)**

**સુણજો જિન અરજ અમારી, મેં દોષ કર્યાં અતિ ભારી;**
**તે સહુની નિવૃત્તિ કાજ, તુજ શરણ ગ્રહું જિનરાજ. ...(૨)**

હે જિન ભગવાન! આપ અમારી અરજ સાંભળજો. મેં અનેક પ્રકારના અત્યંત હીન દોષ કર્યાં છે. તે સૌની નિવૃત્તિ અર્થે હું આપનું શરણ ગ્રહું છું.

**એક બે આદિ ઇન્દ્રિય, જીવ જે મન રહિત સહિત;**
**કરુણા નહિ તેમની ધારું, નિર્દય થઈ ઘાત વિચારું. ...(૩)**

એકથી માંડીને પાંચ ઈન્દ્રિય સુધીના મન રહિત તથા મન સહિત જે જીવો હોય છે તેમને વિષે મારામાં કરુણા નથી અને તેથી નિર્દય થઈને હું તેમનો ઘાત કરવાનો વિચાર કરું છું.

**સમરંભ સમારંભ આરંભ, મન વચ તનથી કરી પ્રારંભ;**
**કૃત કારિત મોદન કરીને, ક્રોધાદિ કષાયો ધરીને. ...(૪)**

સમરંભ એટલે યોજના કરવી, સમારંભ એટલે તે મુજબ સામગ્રી એકઠી કરવી અને આરંભ એટલે કામ ચાલુ કરવું. આ રીતે ત્રણેય પ્રકારે તેમજ મન વચન કાયા એ ત્રણેયથી કૃત , કારિત અને અનુમોદના એમ ત્રણેય રીતે હું ક્રોધાદિ ચારેય કષાયો કરતો રહું છું.(3x 3x 3x4=108)

**એકસોને આઠ પ્રકારે, હિંસાના પાપ કર્યાં મેં;**
**શું કહું એ સૌની કહાણી, જાણો છો કેવળજ્ઞાની! ...(૫)**

આ રીતે એકસોને આઠ પ્રકારે મેં હિંસાના પાપ કર્યાં છે. એ સૌની કહાણી આપને ક્યાં સુધી કહું? આપ તો કેવળજ્ઞાની છો અને મારાં કરેલાં એ બધા પાપો વિષે જાણો જ છો.

**એકાંત, વિનય, વિપરીત ને સંશય અજ્ઞાન કુનયને;**
**વશ થઈ જે પાપ કર્યાં મેં,ન વચનથી જાય કહ્યાં તે. ...(૬)**

ગૃહિત મિથ્યાત્વના પાંચ પ્રકારો છે. એકાંત, વિનય,વિપરીત, સંશય અને અજ્ઞાન.
(૧) પદાર્થનું સ્વરૂપ અનેક ધર્મોવાળું હોવા છતાં તેને સર્વથા એક જ ધર્મવાળો માનવો તેને એકાંતિક મિથ્યાત્વ કહે છે. જેમકે આત્માને સર્વથા ક્ષણિક અથવા સર્વથા નિત્ય માનવો.
(૨) આત્માનું સ્વરૂપ જે પ્રકારે છે તેથી ઊંધું માને તેને એટલે કે તેથી ઊંધી રુચિને વિપરીત મિથ્યાત્વ કહે છે; જેમકે શરીરને આત્મા માને, સગ્રંથને નિર્ગ્રંથ માને આદિ.
(૩) આત્મા પોતાના કાર્યનો કર્તા હશે કે પરવસ્તુના કાર્યનો કર્તા થતો હશે વિગેરે પ્રકારે સંશય રહેવો તેને સાંશયિક મિથ્યાત્વ કહે છે.
(૪) જ્યાં હિતાહિત વિવેકનો કાંઇ પણ સદ્ભાવ ન હોય, તેને અજ્ઞાનિક મિથ્યાત્વ કહે છે. જેમકે પશુવધને અથવા પાપને ધર્મ સમજવો.
(૫) સમસ્ત દેવ તથા સમસ્ત મતોમાં સમદર્શીપણું માનવું તેને વૈનયિક મિથ્યાત્વ કહે છે. આ પાંચેય કારના મિથ્યાત્વને વશ થઇને, (ખોટા અભિપ્રાયને કારણે) મેં જે પાપો કર્યાં છે તે વચનથી કહી શકાય તેમ નથી.

**કરી સેવા કુગુરુઓની, થઇને નિર્દય પરિણામી;**
**મિથ્યાત્વથી ચાર ગતિમાં, કરું દોષ ઉપાર્જન ભમતાં ...(૭)**

મેં મારી સ્વદયા ન પાળતાં નિર્દય થઈને-અદયા કરીને-કુગુરુઓની સેવા કરી. આ રીતે મિથ્યાત્વને કારણે ચારેય ગતિઓમાં ભ્રમણ કર્યું અને દોષોનું ઉપાર્જન કર્યું અર્થાત્ વધુ ને વધુ પાપો મેં કર્યાં.

**હિંસા, જૂઠ ને વળી ચોરી, મેળવું આંખો પરસ્ત્રીથી;**
**આરંભ પરિગ્રહ મુજને, પાપો કરું પાંચ પ્રકારે. ...(૮)**

હું હિંસા, અસત્ય ને ચોરીમાં રચ્યોપચ્યો રહું છું. વળી પરવનિતાથી આંખો મેળવું છું અને મને અતિશય આરંભ પરિગ્રહ છે. આ રીતે હું પાંચેય પ્રકારથી પાપ કરું છું.

**રસ, સ્પર્શ, ઘ્રાણ ને કાન, દૃગના વિષયોને કાજ;**
**મનમાન્યાં કરમ કરું હું, નહિ ન્યાય અન્યાય હું જાણું. ...(૯)**

સ્પર્શ , રસ, ઘ્રાણ, ચક્ષુ અને કાન આ પાંચ ઇન્દ્રિયોના વિષયોના સેવન અર્થે હું મનમાન્યાં કર્મો કરું છું, ન્યાય કે અન્યાયનો પણ વિચાર કરતો નથી.

**ઉદંબર ફળ મેં ખાધાં, મધુ-માંસ- મદ્યને ચાહયાં;**
**નહિ અષ્ટ મૂળગુણ ધાર્યાં; દુ:ખકર કુવ્યસનો સેવ્યાં. ...(૧૦)**

મેં પાંચ પ્રકારના ઉદંબર ફળો (જેનું થડ કાપતાં દૂધ નીકળે તેવા ઝાડના ફળો -જે દૂધમાં ત્રસના જીવોની નિરંતર ઉત્પત્તિ થાય છે) ખાધાં; મધ, માંસ અને મદ્યની ચિત્તમાં ચાહના કરી; શ્રાવકના આઠ મૂળગુણોનું પાલન કર્યું નહિ અને દુ:ખ ઉપજાવનારા કુવ્યસનોને સેવ્યાં.
ગૃહસ્થના ૮ મૂળગુણના નામ: મદ્ય, માંસ, મધુના ત્યાગ સહિત પાંચ અણુવ્રતોને અષ્ટ મૂળગુણ કહે છે.

૭ વ્યસનના નામ: (૧) જુગાર (૨) માંસભક્ષણ (૩) મધપાન (૪) વેશ્યા--સેવન (૫) શિકાર (૬) ચોરી (૭)પરસ્ત્રીસેવન.
આ વ્યસન મહાઘોર પાપનો બંધ કરાવવાનાં કારણ છે. ન્યાયરૂપ આજીવિકા તથા ધર્મરૂપ પ્રવર્તન- તે સિવાય અન્ય જે પ્રવૃત્તિ છે તે વ્યસન છે.

**બાવીસ અભક્ષ્ય કહ્યાં જે, ભોગવતો તે દિન-રાત;**
**કાંઈ ન વિવેક કર્યો મેં, જે તે થકી પેટ ભર્યું મેં. ...(૧૧)**

જિનદેવે ૨૨ પ્રકારના અભક્ષ્યો કહ્યાં છે, પરંતુ તેવા અભક્ષ્ય પદાર્થોને હું દિવસ તેમજ રાત્રે ભોગવું છું. સાચા અને ખોટાના ભેદનો મને કોઇ વિવેક નથી અને હું જેમ તેમ ગમે તે કરીને મારું પેટ ભરું છું.
શ્રી રાજવાર્તિક શાસ્ત્રમાં નીચે જણાવેલા પાંચ પ્રકારના પદાર્થો અભોગ્ય કહ્યાં છે:-
(૧)જેમાં ત્રસ જીવોનો ઘાત થાય છે.
(૨)જે પ્રમાદ ઉપજાવવાવાળા છે.
(૩)જેમાં અનંત જીવોનો ઘાત થાય છે.
(૪) જે અનિષ્ટ છે.
(૫) જે અનુપસેવ્ય છે-આ પાંચ પ્રકારના પદાર્થ સંપૂર્ણ જીવનભરત્યાગવાયોગ્ય છે.

**હવે અહીં બે શ્લોકમાં ૨૫ કષાયોનું વર્ણન કરે છે:-**

**અનંત અનુબંધી ને અપ્રત્યા-પ્રત્યાખાને;**
**સંજ્વલન તણી ચોકડીએ, છે કષાય ષોડષ ભેદે. ...(૧૨)**
**ને હાસ્ય અરતિ રતિ શોક, ભય ગ્લાનિ અને ત્રિવેદ;**
**જે પચ્ચીસ ભેદ કહ્યાં છે, તેના વશ પાપ કર્યાં મેં. ...(૧૩)**

ક્રોધ, માન,માયા,લોભ એ ચાર કષાયોના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન એમ ચાર પ્રકારે કુલ સોળ ભેદ થાય છે.તેમાં નવ નોકષાય-હાસ્ય, રતિ, અરતિ, શોક,ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ ઉમેરતાં બધા મળીને પચ્ચીસ ભેદ થાય છે. આ બધા કષાયોને વશ થઈને હું અનેક પ્રકારના પાપ કરું છું.

**નિદ્રાવશ શયન કરીને,સપનામાં દોષ કર્યાં મેં;**
**પછી જાગી વિષયવન ઘૂમું, વિધ વિધ વિષફળ આરોગું. ...(૧૪)**

નિદ્રા પણ એક દોષ છે. નિદ્રાને વશ થઈને મેં શયન કર્યું અને સ્વપ્નમાં દોષ કર્યાં. પછી જાગીને પાંચેય ઈન્દ્રિયના વિષયરૂપી વનમાં ભ્રમણ કર્યું અને અનેક પ્રકારના વિષયના ભોગરૂપી ઝેરના ફળ ખાધાં એટલે કે પાપો કર્યાં.

**આહાર વિહાર નિહારે,વિચારી નહીં જતનાને;**
**લેતાં મૂકતાં નહિ દેખી, વણ દેખી વસ્તુ જ ખાધી. ...(૧૫)**

મેં આહાર, વિહાર કે નિહાર કરતાં યત્ના જાળવી નહિ, કોઈ ચીજ લેતાં કે મૂકતાં સાવધાની રાખી નહિ અને શોધ્યા-તપાસ્યા વિના વસ્તુ ખાધી.

**મુજને પરમાદ સતાવે, વિધવિધ વિકલ્પ ઉપજાવે;**
**નહિ સુધ બુધ કોઇ રહી છે, કુમતિ જ છવાઈ ગઈ છે. ...(૧૬)**

હું પ્રમાદમાં પ્રવર્તું છું અને અનેક પ્રકારના પાપના વિકલ્પો કરતો રહું છું. મારામાં સાવધાની-જાગૃતિ-સુધબુધ રહી નથી અને મિથ્યા-મતિ મારી ચારે બાજુએ છવાઇ ગઈ છે.

**ગ્રહી મર્યાદા તુજ સંગે, તેમાં જે દોષ કર્યા મેં;**
**ક્યમ ભિન્ન ભિન્ન વર્ણવું તે, તુજ જ્ઞાન વિષે તે ભાસે. ...(૧૭)**

હે પ્રભુ! મેં તારી નિકટમાં મર્યાદા લીધી, પરંતુ તે મર્યાદાનું  પાલન ન કર્યું અર્થાત્ તે નિયમમાં દોષ લગાડ્યો. આ બધા પાપોને હું ભિન્ન  ભિન્ન શું વર્ણવું? આપ તો એ બધાને આપના જ્ઞાનમાં પ્રાપ્ત કરી રહ્યા છો અર્થાત્ જાણી રહ્યા છો.

**હું દુષ્ટઅને અપરાધી, ત્રસ-જીવન-રાશિ વિરાધી;**
**સ્થાવર-જતના નવ કીધી, ઉરમાં કરુણા નહિ આવી. ...(૧૮)**

હા, હું દુષ્ટ અને અપરાધી છુ. હું ત્રસ -જીવોના સમૂહનો નાશ કરું છું અને સ્થાવર એકેન્દ્રિય-જીવોની યત્ના રાખતો નથી. મારા  હ્રદયમાં બીજા જીવો પ્રત્યે કરુણા જાગતી નથી.

**મેં ખોદકામ કરાવ્યાં, મહેલાદિક પણ બંધાવ્યાં.;**
**અણગળ જળ પણ હું ઢોળું, પંખાથી પવન વીંઝોળુ. ...(૧૯)**

મેં પૃથ્વીમાં બહુ ખોદકામ કરાવ્યું છે, મહેલ-મકાનાદિક પણ બંધાવ્યા છે. ગાળ્યા વિનાનું પાણી હું ઢોળું છું અને પંખાથી પવન વીંઝોળીને અનેક જીવોની વિરાધના કરું છું.

**હા, હા! હું અદયાચારી, લીલોતરી ઘણીય વિદારી;**
**અનંત જીવો કંદમૂળમાં, પણ આનંદે આરોગ્યાં. ...૨૦)**

અરેરે! હું અત્યંત અદયાચારી એટલે કે નિર્દય છું. મેં ઘણીય લીલોતરી કાપીને ખાધી છે; કંદમૂળમાં અનંત જીવો હોવા છતાં પણ મેં તેમને આનંદથી આરોગ્યાં છે.

**પરમાદ વશે વણદેખે, સળગાવી અગ્નિ અરે! મેં;**
**એમાં જે જીવો આવ્યાં, સીધા પરલોક સિધાવ્યાં. ...(૨૧)**

પ્રમાદ વશે જોયા વગર જ મેં અગ્નિ સળગાવી. એમાં જે જીવો આવ્યા તે સીધાં જ પરલોક સિધાવ્યાં એટલે કે મરણને પામ્યા.

**અણવિણ્યું અન્ન પીસાવ્યું, ઇંધણ વણદેખે બાળ્યું;**
**ઝાડુથી કરી સંજવારી, કીડી- મંકોડી વિદારી. ...(૨૨)**

મેં વિણ્યા વગરનું, સડેલું, જીવાતવાળું અનાજ રાત્રે  પીસાવ્યું, જોયા વગર ઇંધણ બાળ્યું અને ઝાડુથી સંજવારી કરીને  કીડી-મંકોડી આદિ અનેક જીવોનું વિદારણ કર્યું.

**જળ ગાળી 'જિવાની' કરીને, પાછુ દીધું નાંખી એને;**
**નહિ જળ-સ્થાનક પહોંચાડ્યું ને પાપ અરે! ઉપજાવ્યું. ...(૨૩)**

કોઇ પણ પ્રકારના કામ માટે પાણીને બે પડવાળા ગરણાથી ગાળવું જરૂરી છે.ગાળ્યા પછી જે પાણી ગરણામાં બાકી રહે તેને પાણીના મૂળ સ્થાનકે પાછું નાંખી દેવું જોઈએ. આ ક્રિયાને 'જિવાની' કહેવામાં આવે છે.પ્રમાદને કારણે મેં આ ક્રિયા સાચી રીતે કરી નહિ. તેથી પાપનું ઉપાર્જન કર્યું.

**જળ ગટર મહીં ઢોળાવું, બહુ જીવનો ઘાત કરાવું;**
**વસ્ત્રોને સાફ કરાવું, નદીમાં બહુ જીવ હણાવું. ...(૨૪)**

હું જળને ગટરમાં, નાળીઓમાં ફેંકાવું છું અને જીવોના સમૂહોનો ઘાત કરાવું છું. ગાળેલા પાણીમાં વસ્ત્રોને ધોવરાવવાને બદલે નદીમાં તેમને ધોવરાવીને માઈલો સુધીના જીવોને હણાવું છું.

**અન્નાદિક સાફ કરાવ્યાં, તેમાં જીવો જે નીકળ્યાં;**
**તેઓનું જતન કર્યું ના, રસ્તા-તડકામાં ફેંક્યા. ...(૨૫)**

મેં અન્નાદિક સાફ કરાવ્યાં. તેમાં જે જીવો નીકળ્યાં તેઓની યત્ના કરી નહિ. પરંતુ રસ્તામાં અને તડકામાં તેઓને ફેંકી દીધા.

**વળી દ્રવ્યોપાર્જન અર્થે, બહુ હિંસારંભ કરીને;**
**કરું તૃષ્ણાવશ અતિ ભારે,કરુણા રે રંચ ન આવે. ...(૨૬)**

વળી દ્રવ્ય કમાવવા માટે હું બહુ આરંભ-હિંસા કરું છું અને તૃષ્ણાને વશ થઈને ભારે પાપ કરું છું, ત્યારે મને બીજા જીવો પ્રત્યે રંચમાત્ર પણ કરુણા આવતી નથી.

**ઈત્યાદિક પાપ અનંતા, મેં કીધાં શ્રી ભગવંતા;**
**ચિર-સંતતિ આ ઉપજાવી,વાણી ન શકે સમજાવી. ...(૨૭)**

ઉપર જણાવ્યા છે તે ઉપરાંત બીજા પણ અનંતા પાપો હે શ્રી ભગવંત! મેં કર્યાં. તે પાપોની સંતતિ-પરંપરા જે મેં ઉપજાવી છે તે એટલી બધી લાંબી છે અને ચિરકાળથી ચાલતી આવે છે કે જે વાણીથી કહી શકાય તેવી નથી.

**આવ્યો આ પાપ-ઉદય તે, બહુ રીત સતાવે મુજને;**
**ફળ ભોગવતાં દુ:ખ પામું, વચનોથી કેમ સુણાવું. ...(૨૮)**

આ બધાં મારા કરેલાં પાપોનો ઉદય હવે જે આવ્યો છે તે મને ખૂબ સતાવે છે, તેનું ફળ ભોગવતો થકો હું એવું દુ:ખ પામું છું કે જે વચનોથી કહી શકાય તેવું નથી.

**સૌ જાણો કેવળજ્ઞાની, દુ:ખ દૂર કરો શિવવાસી;**
**મેં તારું શરણ ગ્રહ્યું છે, તું તારણહાર પ્રભુ છે. ...(૨૯)**

આપ તો કેવળજ્ઞાની છો, તેથી મારા સર્વ દુ:ખો જાણો છો. મેં આપનું શરણ ગ્રહ્યું છે અને આપ તો તારણહાર છો. માટે શિવપૂરમાં વસતા હે પ્રભુ! આપ મારું દુ:ખ દૂર કરો.

**ભલે એક જ ગામપતિ હો, દુ:ખીના દુ:ખ દૂર કરે જો;**
**તું ત્રણે લોકનો સ્વામી, દુ:ખ ટાળો અંતરયામી. ...(૩૦)**

જે એક જ ગામનો પતિ હોય,તે પણ દુ:ખિયાના દુ:ખ દૂર કરે છે; ત્યારે આપ તો ત્રણેય લોકના સ્વામી છો, માટે હે અંતર્યામી! આપ અમારા દુ:ખ ટાળો.

**રાખી દ્રૌપદીની લાજ, રચ્યું કમળ સીતાજી કાજ;**
**અંજનને કર્યો અકામી, દુ:ખ ટાળો અંતરયામી. ...(૩૧)**

આપે દ્રૌપદીના ચીર પૂરીને તેની લાજ રાખી; અગ્નિપરીક્ષા સમયે અગ્નિનું પાણી કરીને તેમાં કમળ રચાવીને આપે સીતાજીને બેસાડ્યાં; અંજનચોરને આપે અકામી- નિર્વાંછક-બનાવીને ઉગાર્યો. તેવી જ રીતે હે અંતરયામી! આપ મારા દુ:ખ પણ દૂર કરો.

**મારાં અવગુણ ના દેખો, બિરદ પ્રભુ આપનું પેખો;**
**મને દોષરહિત કરી સ્વામી, દુ:ખ ટાળો અંતરયામી. ...(૩૨)**

હે પ્રભુ! આપ મારાં અવગુણ ના દેખો-તેમના પર ધ્યાન ન આપો. આપની ખ્યાતિ પ્રમાણે ભક્તને ભવથી પાર કરાવવાનું આપનું બિરદ સંભાળો.હે સ્વામી! મને સર્વ દોષથી રહિત કરો અને હે અંતરયામી! મારાં દુ:ખને ટાળો.

**ઈન્દ્રદિક પદ નહિ ચાહું, વિષયોમાં નહિ લોભાઉં;**
**હરો રાગદ્વેષમય પાપો, પરમાતમ નિજપદ આપો. ...(૩૩)**

ઈન્દ્રદિક પદને હું ચાહીશ નહિ, ઈન્દ્રિયોના વિષયોમાં લોભાઈશ નહિ. હે પ્રભુ! મારા રાગદ્વેષમય સર્વ પાપોને આપ હરો અને મને પરમાત્મસ્વરૂપ નિજપદની પ્રાપ્તિ કરાવો.

**(દોહરા)**

**નિજપદ બસ આપો, અહો! દોષ રહિત જિનદેવ;**
**સર્વ જીવોના સુખ વધો,મંગળ રહો સદૈવ. ...(૩૪)**

હે દોષ રહિત જિનદેવ! આપ મને નિજપદ આપો. સર્વ જીવોના સુખમાં વૃધ્ધિ થાવ અને સર્વત્ર આનંદ મંગલ વર્તો.

**અનુભવ-મણિના પારખુ, "જૌહરિ"આપ જિણંદ;**
**આપો મુજને એ જ વર, ચરણ શરણ આનંદ. ...(૩૫)**

હે જિનેન્દ્ર! આપ અનુભવરૂપ માણેકને પારખનાર ઝવેરી છો. આપ મને પણ એવું જ વરદાન આપો. આપના રણના શરણમાં મને-કવિ શ્રી જૌહરીલાલજીને-આનંદ વર્તે છે.